# HGH INDIA® 2026

HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

Jun 30-Jul 03, 2026. Bombay Exhibition Center, Mumbai

**NEWS 3**

A TEXZONE Event

**Where business feels at home!**

## હાઉસવૅર અને સ્માર્ટ કિચન તરીકે મુખ્ય આકર્ષણ

મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે એચજીએચ ઈન્ડિયા 2026ની શરૂઆત 30 જૂનના રોજ થશે અને તે 3 જુલાઈ સુધી ચાલશે. આ ટ્રેડ શૉમાં હૉમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ્સ, હાઉસવૅર, હૉમ ડેકોર, હૉમ ફર્નિચર તથા ગિફ્ટ્સ સહિતની કેટેગરીઓમાં 3,000થી વધુ ઘરેલું ઉત્પાદનોની વિશાળ અને સંકલિત રેન્જને એક જ મંચ પર રજૂ કરવામાં આવશે. મુલાકાતીઓ સુસ્થાપિત બ્રાન્ડ્સ, સમગ્ર ભારતમાં આવેલા ઉત્પાદન કેન્દ્રો તથા અન્ય 32 દેશોમાંથી વિવિધ સામગ્રી, ડીઝાઇન્સ અને સૉર્સિંગના વિકલ્પોને જોઈ શકશે અને તેમનું સૉર્સિંગ પણ કરી શકશે.

રીટેઇલ, વિતરણ, આયાત, સંસ્થાગત ખરીદદારો, આર્કિટેક્ચર અને ઇન્ટીરિયર ડીઝાઇન, ઉત્પાદન તથા માર્કેટિંગ સાથે સંકળાયેલા વેપારી ખરીદદારો અને પ્રોફેશનલ્સ માટે એચજીએચ ઈન્ડિયામાં એન્ટ્રી ઓપન છે. ટ્રેડમાં આવનારા મુલાકાતીઓ 20મી જૂન સુધી ફ્રી એન્ટ્રી, અપડેટ્સ તથા શૉને લગતી માહિતી મેળવવા માટે અગાઉથી નોંધણી કરાવી શકે છે.  20 જૂન પછી મુલાકાતીઓ ઈવેન્ટ પહેલાં અથવા ઈવેન્ટ દરમિયાન વ્યક્તિ દીઠ રૂ. 1,000ની વિઝિટર રજિસ્ટ્રેશન ફી ચૂકવીને નોંધણી કરાવી શકશે.

એચજીએચ ઈન્ડિયા એ એવું મંચ રહ્યું છે, જ્યાં સમગ્ર ભારતીય હૉમ અને લાઇફસ્ટાઇલ ઇન્ડસ્ટ્રી તથા ટ્રેડની સાથે સંકળાયેલા લોકો ફક્ત ભવિષ્યના બિઝનેસ અને સૉર્સિંગ અંગે ચર્ચા કરવા માટે જ નહીં પરંતુ ઉત્પાદનોમાં થતાં નવીનીકરણો, ઊભરી રહેલી નવી કેટેગરીઓને સમજવા, નવા વિચારોની આપ-લે કરવા તેમજ હૉમ ફેશન, ડીઝાઇન અને માર્કેટના નવા ટ્રેન્ડ્સને જાણવા માટે પણ એકઠાં થાય છે. એચજીએચ ઈન્ડિયા 2026 એવા સમયે યોજાઈ રહ્યું છે, જ્યારે રીટેલર્સને દરેક પ્રોડક્ટ, દરેક ડિસ્પ્લે, દરેક સપ્લાયર અને દરેક કેટેગરી પાસેથી વધુ અપેક્ષાઓ છે. આ એક એવું મંચ છે, જ્યાં વેપારીઓ એ અનુભવી શકે છે કે, કાર્યક્ષમતા, ડીઝાઇન, સસ્ટેનેબિલિટી અને સાંસ્કૃતિક મૂલ્ય જેવા પરિબળોને કેવી રીતે માર્કેટ માટે સજ્જ હોય તેવા ઉત્પાદનોમાં ઢાળવામાં આવી રહ્યાં છે.

એચજીએચ ઈન્ડિયાને તેની વિશિષ્ટતા અને વ્યાપકતા પ્રદાન કરનારા અનેક પેવિલિયન્સ અને સહભાગી વિભાગોને આ આવૃત્તિમાં એકસાથે રજૂ કરવામાં આવશે.  પ્રીસેન્સ ટ્રેન્ડ્સ 2026-2027, એચ-સર્કલ પ્રોડક્ટ ઇનોવેશન એવોર્ડ્સ, સ્માર્ટ કિચન, સસ્ટેનેબિલિટી, ભારતીય વારસો, ઘર માટેના હાઈ પર્ફોર્મન્સ અને ફંક્શનલ ટેકનિકલ ટેક્સટાઇલ્સ જેવા વિશેષ વિભાગો તેમજ વિવિધ હૉમ કેટેગરીઓમાં ઉપલબ્ધ સમકાલીન ઉત્પાદનોની વિશાળ શ્રેણી, આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો, હેન્ડલૂમ અને હસ્તકલાઓ – આ બધું જ મળીને માર્કેટને લગતી ચર્ચાઓમાં એક નવું પરિમાણ ઉમેરશે.  આ તમામ પાસાઓ મળીને માર્કેટમાં આવી રહેલા પરિવર્તન તરફ સંકેત આપે છે, જે એવા ખરીદદારોની જરૂરિયાતોને પ્રતિબિંબિત કરે છે, જેઓ દરેક કેટેગરીમાં વધુ અસરકારક પ્રોડક્ટ સ્ટોરી, વધુ મજબૂત મટીરિયલ લોજિક અને વધુ વ્યવહારુ પ્રાસંગિકતા ધરાવતા ઉત્પાદનોની શોધમાં છે.

## સ્માર્ટ કિચન

હોલ 4માં આવેલું સ્માર્ટ કિચન પેવિલિયન આધુનિક કિચનના સ્વરૂપને ઘડી રહેલા વ્યવહારુ પરિવર્તનોને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. નવીનીકરણ, સગવડતા, આરોગ્યપ્રદ રસોઈ, સસ્ટેનેબિલિટી, ઊર્જા કાર્યક્ષમતા અને ડીઝાઇન – આ તમામ પાસાઓ આ પેવિલિયનના કેન્દ્રમાં છે, કારણ કે આજના ખરીદદારો કિચનના ઉત્પાદનો પાસેથી આવી જ વિશેષતાઓની અપેક્ષા રાખે છે.

અહીં મુખ્ય વાત જીવનશૈલીમાં આવી રહેલા પરિવર્તનની છે. શહેરી ગ્રાહકો એવી પ્રોડક્ટ્સની શોધમાં છે, જે રસોઈને વધુ ઝડપી, સરળ, સુઆયોજિત અને આનંદદાયક બનાવે. પરિણામે, સ્માર્ટ કિચન હવે કોઈ નવીનતા નહીં પરંતુ એક અપેક્ષા બનતું જઈ રહ્યું છે.

પરિણામે, આ પેવિલિયન ખરીદદારો અને બ્રાન્ડ્સ બંને માટે સમાન રીતે પ્રાસંગિક બની જાય છે. આ પેવિલિયન એ દર્શાવે છે કે, કિચન ટ્રેડ એવા ઉત્પાદનો તરફ આગળ વધી રહ્યો છે, જે રીટેઇલ માર્કેટની અપેક્ષિત ડીઝાઇનની ગુણવત્તા જાળવી રાખવાની સાથે-સાથે રોજિંદા ઉપયોગની કાર્યક્ષમતામાં પણ વધારો કરે છે.

સ્માર્ટ કિચનનો આ કૉન્સેપ્ટ એચજીએચ ઈન્ડિયાની ટીમ દ્વારા હાઉસવૅર હોલ 4માં આવેલા 25થી વધુ પ્રદર્શકોના સહયોગથી સાકાર કરવામાં આવ્યો છે, જ્યારે તમામ કન્સીલ્ડ કિચન એપ્લાયન્સિસનું ઇન્સ્ટોલેશન ગ્લેન એપ્લાયન્સિસ દ્વારા કરવામાં આવ્યું છે.

## હાઉસવૅર હોલ 4

### અલ્દા

ગ્લેન એપ્લાયન્સિસની પ્રીમિયમ કિચનવૅર બ્રાન્ડ અલ્દા ટકાઉપણા, ખાદ્યચીજોની સુરક્ષા અને આધુનિક કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવેલી નવીનીકરણ-આધારિત કૂકવૅર અને કિચન સોલ્યુશન્સની વિશાળ શ્રેણી રજૂ કરશે. મુખ્ય આકર્ષણોમાં નાઇટ્રાઇડિંગ રસ્ટ પ્રોટેક્શન ધરાવતી આયરોનિક લાઇટવેઇટ કાસ્ટ આયર્ન કૂકવૅર, કુદરતી રેતીમાંથી બનાવવામાં આવેલા સીરામિકો સીરામિક કૂકવૅર, અત્યંત ટકાઉ PEEK કૉટિંગ ટેક્નોલોજી ધરાવતી એવરલાસ્ટ નેક્સ્ટ-જનરેશન નોન-સ્ટિક કૂકવૅર તેમજ ભારતીય કારીગરીથી પ્રેરિત લક્સવૂડ હેન્ડક્રાફ્ટેડ હાર્ડવૂડ કિચન એસેસરીઝનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનમાં સમકાલીન કિચનની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલા ટૉપચોપ અને પ્રોચોપની શેફ-ગ્રેડ નાઇફ કલેક્શન્સની સાથે-સાથે સ્માર્ટ કિચન ટૂલ્સ તથા ખાદ્યચીજોના સંગ્રહ માટેના પ્લાસ્ટિકથી મુક્ત ઉકેલો પણ રજૂ કરવામાં આવશે.



### બર્ગનર

વર્ષ 1999માં ઑસ્ટ્રિયામાં શરૂ થયેલી વૈશ્વિક કિચનવૅર બ્રાન્ડ બર્ગનર તેની ભારતીય શાખા બર્ગનર ઇમ્પેક્સ ઇન્ડિયા દ્વારા કૂકવૅર, બેકવૅર, કિચન ટૂલ્સ અને એસેસરીઝના વ્યાપક પૉર્ટફોલિયો સાથે ઉપસ્થિત રહેશે.  બર્ગનર રોજિંદી રસોઈને વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવવાના ઉદ્દેશ સાથે વિકસાવવામાં આવેલા નવીનીકરણોની સાથે નવી જનરેશનના ટ્રાઈ-પ્લાય સ્ટેઇનલેસ સ્ટીલ કૂકવૅર પણ રજૂ કરશે. બર્ગનર ટ્રાઈ-પ્લાય સ્ટેઇનલેસ સ્ટીલ, ઇનામેલ કાસ્ટ આયર્ન, સીરામિક કૂકવૅર અને અન્ય અનેક પ્રોડક્ટ્સને આવરી લેતા સર્વગ્રાહી કિચનવૅર ડેસ્ટિનેશન તરીકે પોતાની ઓળખને વધુ મજબૂત બનાવી રહ્યું છે.



### બોરોસિલ

ભારતની અગ્રણી સ્વદેશી કિચનવૅર અને ગ્લાસવૅર બ્રાન્ડ્સમાંની એક બોરોસિલ સમકાલીન ડીઝાઇનની સાથે કાર્યક્ષમતાનો સમન્વય કરનારા કિચન એપ્લાયન્સિસ અને હૉમવૅરની કેટેગરીમાં અનેક નવીનીકરણો રજૂ કરશે.  આ કલેક્શનમાં પૉર્ટેબલ બ્લેન્ડર્સ, મલ્ટિ-



ફંક્શન બ્લેન્ડર અને વેરિયેબલ ટેમ્પરેચર કેટલની સાથે-સાથે ઓપલ ગ્લાસવેર, થર્મોવેર, કિચન સ્ટોરેજ અને ડાઇનિંગ સોલ્યુશન્સની લાઇફસ્ટાઇલ-આધારિત રેન્જનો પણ સમાવેશ થાય છે.

## ટ્રામોન્ટિના

115થી વધુ વર્ષોનો વારસો ધરાવતી અને 130 દેશોમાં પોતાની હાજરી ધરાવતી બ્રાઝિલની કૂકવેર અને હાઉસવેર બ્રાન્ડ ટ્રામોન્ટિના આધુનિક કિચન માટે ડીઝાઇન કરવામાં આવેલા તેના કલેક્શન્સ રજૂ કરશે. તેના મુખ્ય આકર્ષણોમાં ગરમી જાળવી રાખવાની ચઢિયાતી ક્ષમતા ધરાવતી બેસ્ટો એનામેલ્ડ કાસ્ટ આયર્ન રેન્જ, રોજિંદા ઉપયોગમાં હળવા અને વધુ અનુકૂળ અનુભવ માટેની હેરિટેજ કાસ્ટ આયર્ન કલેક્શન તેમજ ટકાઉપણા અને આધુનિક ઇન્ટીરિયર્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા આકર્ષક સ્ટેઇનલેસ સ્ટીલ બિન્સનો સમાવેશ થાય છે. સમગ્ર વિશ્વમાં નામાંકિત નાઇફ્સ અને કિચન ટૂલ્સની આ રેન્જ પ્રદર્શનને વધુ સમૃદ્ધ બનાવશે. તમામ પ્રોડક્ટ્સની આ રેન્જ કાર્યક્ષમતા, સુંદરતા અને સમકાલીન જીવનશૈલી પ્રત્યેની ટ્રામોન્ટિનાની કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## એમ્બર કૂકવેર

ડિઝાઇન અને મટિરિયલ ઇનોવેશન પર આધારિત કુકવેર સોલ્યુશન્સ માટે જાણીતી એમ્બર કૂકવેર નવીનીકરણ અને મટીરિયલ સાયેન્સના સમન્વય દ્વારા બિન-ઝેરી, તેલનો ઓછી માત્રામાં ઉપયોગ કરનારા તથા



આકર્ષક દેખાવ ધરાવતા કૂકવેર તૈયાર કરીને આધુનિક ભારતીય કિચન માટે સમકાલીન અભિગમ રજૂ કરે છે. એમ્બર કૂકવેરના સીરામિક કોટિંગ, ટાઇટેનિયમ-ક્લેડ કાસ્ટ આયર્ન અને ખૂબ જ વિચારપૂર્વક તૈયાર કરવામાં આવેલી ડીઝાઇન સલામત રસોઇ, સુધરેલા પર્ફોર્મન્સ અને કિચનમાં શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડવા પર કેન્દ્રિત છે.

## કિચનએઇડ

પ્રીમિયમ કિચન એપ્લાયન્સિસ અને રસોઇ સંબંધિત નવીનીકરણો માટે સમગ્ર વિશ્વમાં જાણીતી કિચનએઇડ બે નવા લૉન્ચને રજૂ કરશે: કિચનએઇડ ગો કોર્ડલેસ પ્રોડક્ટ શ્રેણી રીચાર્જ કરી શકાય તેવી બેટરીથી સંચાલિત સુવિધાજનક કાર્યક્ષમતા પૂરી પાડે છે, જેની મદદથી



રસોઇ બનાવવાની પ્રક્રિયાને વધુ સરળ બની જાય છે, જ્યારે પ્યૉર પાવર બ્લેન્ડર સ્મૂધી, સૂપ, ફ્રોઝન ઇન્ગ્રીડિયેન્ટ્સ અને બીજા અનેક પ્રકારની વાનગીઓ માટે હાઇ પર્ફોર્મન્સ બ્લેન્ડિંગ અને સચોટ નિયંત્રણ પૂરું પાડે છે. કિચનએઇડના આ બંને લૉન્ચ દર્શાવે છે કે, આ બ્રાન્ડ પ્રીમિયમ કારીગરી, ટકાઉપણા અને આધુનિક જીવનશૈલીને અનુરૂપ ડીઝાઇન કરવામાં આવેલા નવીનીકરણ પર આધારિત કિચન એક્સપીરિયેન્સ પર સતત ધ્યાન આપી રહી છે.

## કોહે

કાંગારો, મ્યુનિક્સ અને માઇલ્સ જેવી સુસ્થાપિત બ્રાન્ડ્સથી અગાઉ જાણીતી થયેલી કેજીઓસી સ્ટેશનરી, ઇન્ડસ્ટ્રીયલ ટૂલ્સ અને કિચનની આવશ્યક વસ્તુઓના ક્ષેત્રમાં 6 દાયકાથી વધુનો ઉત્પાદનનો અનુભવ ધરાવે છે. એચજીએચ ઇન્ડિયા 2026માં આ ગ્રૂપ તેની લાઇફસ્ટાઇલ અને કિચનવેર બ્રાન્ડ કોહેને રજૂ કરશે, જે નાઇફ્સ, પીલર્સ, ચોપિંગ બૉર્ડ્સ, ગેસ લાઇટર્સ, મેન્યુઅલ ચોપર્સ, પિઝા કટર્સ અને ગ્રેટર્સ સહિતની ખૂબ જ વિચારપૂર્વક ડીઝાઇન કરવામાં આવેલી કિચનની આવશ્યક વસ્તુઓ માટે જાણીતી છે. કાર્યક્ષમતા, ગુણવત્તા અને આધુનિક ઉપયોગિતાને કેન્દ્રમાં રાખીને વિકસાવવામાં આવેલું આ કલેક્શન રસોઇની રોજિંદી જરૂરિયાતો તેમજ સમકાલીન કિચનના માહોલને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવી છે.

## થિનકિચન

સીબા ઇન્ડસ્ટ્રીઝની પ્રીમિયમ કિચનવેર અને હોમવેર બ્રાન્ડ થિનકિચન® ક્લિનર, કિચનએઇડ, બ્રાબેન્ટિયા અને ટાયફૂન સહિતની 35થી વધુ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સને એક જ મંચ પર રજૂ કરશે. 1986થી ઉત્પાદન અને નિકાસના ક્ષેત્રમાં કુશળતા ધરાવતી આ બ્રાન્ડ



તેના સ્ટોરેજવેર, કૂકવેર, બેકવેર, સર્વવેર, બારવેર વગેરેને પ્રદર્શિત કરશે. થિનકિચનની આ રજૂઆત ભારતીય માર્કેટ માટે પ્રીમિયમ વૈશ્વિક ઉત્પાદનો, સમકાલીન જીવનશૈલી તેમજ સંકલિત રીટેઇલ, HoReCa, OEM અને ગિફ્ટિંગ સોલ્યુશન્સ પર તેના ફોકસને પ્રતિબિંબિત કરે છે.

## સેલો ગ્લાસવેર

સેલો ગ્લાસવેર તેના સ્માર્ટ લૉક કન્ટેનર્સ અને પ્રીમિયમ ગિફ્ટ સેટ્સની નવી રેન્જ રજૂ કરશે. ભારતમાં આવેલી કંપનીની અદ્યતન ગ્લાસ



ઉત્પાદન સુવિધામાં તૈયાર કરવામાં આવેલા આ કલેક્શનમાં સમકાલીન સૌંદર્યની સાથે સ્પષ્ટતા, ટકાઉપણું અને એરટાઇટ સ્ટોરેજની કાર્યક્ષમતાનો સમન્વય જોવા મળે છે, જે આધુનિક ઘર માટે પ્રેક્ટિકલ સ્ટોરેજ અને આકર્ષક ગિફ્ટિંગ સોલ્યુશન્સ પૂરાં પાડે છે.

## ક્લે ક્રાફ્ટ

ભારતમાં સીરામિક અને પોર્સેલિન ટેબલવેરના અગ્રણી ઉત્પાદકોમાંથી એક ક્લે ક્રાફ્ટ ઇન્ડિયા રીટેઇલ, હોસ્પિટાલિટી અને લાઇફસ્ટાઇલ માર્કેટની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવેલા પોર્સેલિન અને સીરામિક ટેબલવેર કલેક્શન્સનો સમકાલીન



પોર્ટફોલિયો રજૂ કરશે. આ પ્રદર્શનમાં ક્લે ક્રાફ્ટ સમકાલીન સ્ટાઇલિંગ, ટકાઉપણા, કાર્યક્ષમતા અને ડાઇનિંગના શ્રેષ્ઠ અનુભવને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલા પોર્સેલિન કલેક્શન્સ, આધુનિક ડાઇનિંગ અને સર્વિંગ સોલ્યુશન્સ, ગિફ્ટિંગ માટેના ટેબલવેર, બેવરેજવેર તેમજ HoReCa-કેન્દ્રિત કલેક્શન્સને રજૂ કરશે.

## બીપી ભારત

ટેબલવેર અને હોસ્પિટાલિટી પ્રોડક્ટ સોલ્યુશન્સ માટે જાણીતી બીપી ભારત લાઇફસ્ટાઇલ અને પ્રોફેશનલ એમ બંને કેટેગરીમાં પ્રોડક્ટ્સના અનેક નવા નવીનીકરણો રજૂ કરશે. આ પ્રદર્શનમાં રીટેઇલ અને હોસ્પિટાલિટીની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ કાર્યક્ષમતા, ટકાઉપણા અને સુંદરતાને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવેલા સમકાલીન ટેબલવેર કલેક્શન્સ, ડાઇનિંગ માટેની રોજિંદી આવશ્યક વસ્તુઓ તેમજ પર્ફોર્મન્સ-આધારિત HoReCa સોલ્યુશન્સને રજૂ કરવામાં આવશે.

## ઇસ્ટ કોસ્ટ ડિસ્ટ્રિબ્યુટર્સ

ઇસ્ટ કોસ્ટ ડિસ્ટ્રિબ્યુટર્સ (ઇસીડી) એચજીએચ ઇન્ડિયા 2026માં ટેબલવેર, ડ્રિંકવેર અને કિચનવેરની શ્રેણીને આવરી લેતો તેનો પ્રીમિયમ પોર્ટફોલિયો રજૂ કરશે. તેના મુખ્ય આકર્ષણોમાં તેની પોતાની બ્રાન્ડ રોક્સની સાથે-સાથે ગ્લાસવેર અને ટેબલવેર માટે જાણીતી અગ્રણી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ લ્યુમિનાર્ક અને ક્રિસ્ટલ ડી' આર્ક્સ તેમજ ટેસ્કોમાની જાણીતી યુરોપીયન કિચનવેર રેન્જનો સમાવેશ થાય છે. વિશેષ ફોકસ લ્યુમિનાર્કના લેટેસ્ટ કલેક્શન્સ પર રહેશે, જે તેમના શાશ્વત સૌંદર્ય અને આધુનિક ડાઇનિંગ સોલ્યુશન્સ માટે સમગ્ર વિશ્વમાં જાણીતા છે. રીટેઇલ, ગિફ્ટિંગ, HoReCa અને ઘરેલું જીવનશૈલીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલું આ કલેક્શન ડાઇનિંગ અને કિચનવેર કેટેગરીઓમાં ઊભરી રહેલા વૈશ્વિક ટ્રેન્ડ્સને દર્શાવે છે.

## ધી સ્ટોન સેફાયર

ધી સ્ટોન સેફાયર ઇન્ડિયા પ્રા. લિ. કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના વિતરણના ક્ષેત્રમાં અગ્રણી ગ્રૂપ્સમાંથી એક ટીએસએસઆઇપીએલ હૉમવેર અને કિચન સોલ્યુશન્સનો તેનો પોર્ટફોલિયો રજૂ કરશે. તેના મુખ્ય આકર્ષણોમાં સમકાલીન ડીઝાઇન અને રોજિંદા ઉપયોગની બહુમુખીતા પર આધારિત તેની ઇન-હાઉસ બ્રાન્ડ સ્ટનના લૉન્ચની સાથે-સાથે વજનમાં હળવા અને ટકાઉપણા માટે જાણીતા કોરેલના



ડિનરવૅર, કૉટિંગ વગરના ટ્રાઇ-પ્લાય સ્ટેઇનલેસ સ્ટીલ કૂકવૅર માટે જાણીતી કોરેલ ક્યુરાનેનો તેમજ આધુનિક ડ્રિંકવૅર સોલ્યુશન્સ માટે જાણીતી તુર્કીની અગ્રણી ગ્લાસવૅર બ્રાન્ડ એલએવીનો સમાવેશ થાય છે.

## બોહરા માર્કેટિંગ

બોહરા માર્કેટિંગ એલએલપી એચજીએચ ઇન્ડિયા 2026માં વૈશ્વિક બ્રાન્ડ્સના બ્રાન્ડ્સની વિશિષ્ટ શ્રેણી રજૂ કરશે, તેના વિશિષ્ટ પોર્ટફોલિયો સાથે ફરી એકવાર ઉપસ્થિત રહેશે. ટેબલ એન્ડ ટેલ



મલેશિયામાં તૈયાર કરવામાં આવેલા તેના 100 ટકા પ્યોર મેલામાઇનનું લેટેસ્ટ કલેક્શન રજૂ કરશે, જે ફાઇન પૉર્સેલિનની અર્ધપારદર્શક ચમક અને અદભૂત ફિનિશની અનુભૂતિ આપે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે. પાશાબાહચે લાઇટનેસ અને આધુનિકતા પર કેન્દ્રિત તેના વર્ષ 2026ના ટ્રેન્ડ-આધારિત ટેબલટૉપ અને ગ્લાસવૅર કલેક્શન્સ સાથે ફરી એકવાર ઉપસ્થિત રહેશે. રિચર્ડસન શેફિલ્ડ તેની 185 વર્ષ જૂની બ્રિટિશ કારીગરી અને સચોટ એન્જિનીયરિંગના સમન્વયથી તૈયાર કરવામાં આવેલી પ્રોફેશનલ-ગ્રેડના કિચન નાઇફ્સની રેન્જ રજૂ કરશે. ન્યૂડ ગ્લાસ તેની સરળતા અને શાશ્વત સુંદરતા માટે જાણીતા આકર્ષક ગ્લાસવૅરને રજૂ કરશે, જ્યારે આઇવિયો આધુનિક અને રોજિંદી જીવનશૈલીને અનુરૂપ ડિઝાઇન કરવામાં આવેલા સમકાલીન ટેબલવૅર અને હોમ એસેન્શિયલ્સને રજૂ કરશે.

## ઑલ ટાઇમ પ્લાસ્ટિક્સ

ઘરગથ્થુ અને કિચન સોલ્યુશન્સની વિશાળ રેન્જ માટે જાણીતી ઑલ ટાઇમ પ્લાસ્ટિક્સ કિચનવૅર, સ્ટોરેજ અને યુટિલિટી કેટેગરીઓમાં રોજિંદા ઘરેલું જીવનને વધુ સુવિધાજનક બનાવવાના



ઉદ્દેશ સાથે ડિઝાઇન કરવામાં આવેલા ઉત્પાદનોને રજૂ કરશે. તેના મુખ્ય આકર્ષણોમાં ક્રિસ્પર કન્ટેનર્સની રેન્જનો સમાવેશ થાય છે, જે 100 ટકા ફૂડ-ગ્રેડ અને બીપીએથી મુક્ત મટીરિયલ્સનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી છે તેમજ આધુનિક કિચનમાં સુઆયોજિત સ્ટોરેજ માટે ડિઝાઇન કરવામાં આવી છે. એરટાઇટ સિલિકોન ગાસ્કેટ ટેક્નોલોજી, મોડ્યુલર સ્ટેકેબલ સાઇઝિસ અને સરળતાથી જોઇ શકાય તેવા પારદર્શક ઢાંકણાં ધરાવતું આ કલેક્શન કાર્યક્ષમતા, તાજગી અને સ્પેસ-એફિશિયેન્ટ ડિઝાઇનનો સમન્વય કરીને સમકાલીન ઘરો માટે એક વ્યવહારુ ઉકેલ પૂરો પાડે છે.

## એશિયન પ્લાસ્ટોવૅર્સ

ઘરગથ્થુ અને લાઇફસ્ટાઇલ યુટિલિટી પ્રોડક્ટ્સ માટે જાણીતી એશિયન પ્લાસ્ટોવૅર્સ સુવિધા, ઉપયોગિતા અને સમકાલીન ડિઝાઇન પર કેન્દ્રિત તેના લેટેસ્ટ નવીનીકરણોને રજૂ કરશે. તેના મુખ્ય આકર્ષણોમાં નવા લૉન્ચ કરવામાં આવેલા બિન્ઝ બૉક્સ ટિફિનનો સમાવેશ થાય છે, જેમાં ઇન્સ્યુલેટેડ ડિઝાઇનની સાથે એવું ઢાંકણું આપવામાં આવ્યું છે, જેને મોબાઇલ સ્ટેન્ડ હોલ્ડર તરીકે પણ ઉપયોગમાં લઇ શકાય છે. આ ઉપરાંત, સુંદર ડિટેલિંગ અને આધુનિક




સૌંદર્ય સાથે વિકસાવવામાં આવેલા પ્રીમિયમ જ્વેલ ફ્લાસ્ક તેમજ રોજિંદા હાઇડ્રેશન અને સતત પ્રવાસ કરનારા લોકોને ધ્યાનમાં રાખીને વાઇબ્રન્ટ ડ્યુઅલ-ટૉન કલર કૉમ્બિનેશન્સમાં રજૂ કરવામાં આવેલી અલ્ટ્રા સિપ ઇન્સ્યુલેટેડ વૉટર બૉટલ્સની રેન્જનો પણ સમાવેશ થાય છે.

## જયપી અને જયપી પ્લસ

ભારતની અગ્રણી હાઉસવૅર અને કિચનવૅર બ્રાન્ડ્સમાંથી એક જયપી રોજિંદી સુવિધા અને આધુનિક જીવનશૈલીને ધ્યાનમાં રાખીને ડિઝાઇન



કરવામાં આવેલા તેના કેસરોલ્સ, ઇલેક્ટ્રોનિક કૂકવૅર, સ્કૂલ લંચ બૉક્સિસ, વૉટર બૉટલ્સ અને વેક્યુમવૅર સોલ્યુશન્સની વિશાળ રેન્જને રજૂ કરશે. ભારતના સૌથી મોટા કેસરોલ ઉત્પાદકોમાંથી એક તરીકે જાણીતી બ્રાન્ડ જયપી, ઉપયોગિતા, કાર્યક્ષમતા અને સમકાલીન ઘરેલું જીવનશૈલી પર કેન્દ્રિત ઉત્પાદનો તૈયાર કરવા માટે નવીન ડિઝાઇન, કાર્યક્ષમતા અને ટકાઉ ઉત્પાદન ક્ષમતાનો સુભગ સમન્વય કરે છે.

## નાયસા

સુસ્થાપિત ભારતીય હાઉસવૅર બ્રાન્ડ નાયાસા વાઇબ્રન્ટ રંગો અને બીપીએથી મુક્ત ટકાઉ મટીરિયલ્સમાંથી તૈયાર કરવામાં આવેલા ઇન્સ્યુલેટેડ કેસરોલ્સ, વેક્યુમ ફ્લાસ્ક્સ અને મોડ્યુલર ઑર્ગેનાઇઝર્સને રજૂ કરશે. કાર્યક્ષમતા અને ટકાઉપણાની સાથે વધુ આકર્ષક સમકાલીન



ડિઝાઇનનો સમન્વય ધરાવતી આ પ્રોડક્ટ્સની રેન્જ આધુનિક ગ્રાહકોની બદલાતી પસંદગીઓને અનુરૂપ છે.

## ફ્લેર હાઉસવૅર

સમકાલીન ડ્રિંકવૅર અને હાઉસવૅર સોલ્યુશન્સ માટે જાણીતી ફ્લેર હાઉસવૅર આધુનિક જીવનશૈલી અને વ્યક્તિગત પસંદગીઓને ધ્યાનમાં રાખીને નવા લૉન્ચ કરવામાં આવેલા તેના પ્રીમિયમ ઇન્સ્યુલેટેડ ડ્રિંકવૅરની રેન્જને વિસ્તારી રહી છે. આ પ્રદર્શનમાં વાઇબનો પણ સમાવેશ થાય છે, જે બીપીએથી મુક્ત ફૂડ-ગ્રેડ સ્ટેઇનલેસ સ્ટીલમાંથી તૈયાર કરવામાં આવેલું સ્ટાઇલિશ ડબલ-વૉલ વેક્યુમ ઇન્સ્યુલેટેડ ટમ્બલર છે. તેને રોજિંદા ઉપયોગ દરમિયાન સરળતાથી સાથે લઇ જઇ શકાય અને લાંબા સમય સુધી તાપમાન જાળવી રાખી શકાય તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, વ્યક્તિગત ડિઝાઇન્સ અને ગિફ્ટિંગ સોલ્યુશન્સ માટે ઇન-હાઉસ થ્રીડી કસ્ટમાઇઝેશનની ક્ષમતા ધરાવતી પ્રીમિયમ ટમ્બલર રેન્જ એરોને પણ રજૂ કરવામાં આવશે.

## નેનોબૉટ

રાજસ્થાનના જોધપુર સ્થિત નેનોબૉટ હાઉસવૅર સોલ્યુશન્સ પ્રા. લિ. નેનોબૉટ સોલો લંચ થર્મોસને રજૂ કરશે, જે ટકાઉપણા, રિપેરેબિલિટી અને લાંબા ગાળાના રોજિંદા પર્ફોર્મન્સને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલું વેક્યુમ ઇન્સ્યુલેટેડ સ્ટેઇનલેસ સ્ટીલ ટિફિન છે. કંપનીની પોતાની આઇએસઓ અને બીઆઇએસ-પ્રમાણિત ફેસિલિટીમાં તૈયાર કરવામાં આવેલું આ ઉત્પાદન ડબલ-વૉલ વેક્યુમ ઇન્સ્યુલેશન, કૉપર-કૉટેડ થર્મલ કૉર અને લિફ્ટ-લિડ એર-રિલીઝ મિકેનિઝમનો સમન્વય ધરાવે છે, જેને ઇન્સ્યુલેટેડ કન્ટેનર્સ સાથે સામાન્ય રીતે જોવા મળતી ઢાંકણું અટવાઇ જવાની સમસ્યાના ઉકેલ માટે ખાસ ડિઝાઇન કરવામાં આવ્યું છે. ફૂડ-ગ્રેડ સ્ટેઇનલેસ સ્ટીલ 304માંથી તૈયાર કરવામાં આવેલી તેમજ બદલી શકાય તેવા ઢાંકણાં અને સિલિકોન સીલ્સ ધરાવતી આ રેન્જ લીકપ્રૂફ પર્ફોર્મન્સ, થર્મલ રીટેન્શન, સર્ક્યુલર પ્રોડક્ટ ડિઝાઇન અને લાંબા ગાળા સુધી ફરીથી ઉપયોગમાં લેવા જેવી વિશેષતાઓ પર કેન્દ્રિત છે. ટકાઉપણા, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ધરાવતી જીવનશૈલી અને રોજિંદા કચરાને ઘટાડવા પર કેન્દ્રિત સસ્ટેનેબિલિટી પેવિલિયનના અભિગમ સાથે પણ તે ખૂબ સારી રીતે સુસંગત છે.

## વીગો

નવીનીકરણ પર આધારિત ખાદ્યચીજોના સંગ્રહ માટેના ઉકેલો પર ફોકસ કરતી વીગો લંચબૉક્સ માટેની તેની પેટન્ટેડ સ્ટીલ-પૉલીમર સીલિંગ



ટેક્નોલૉજીને વિશેષરૂપે રજૂ કરશે. તેની વિશિષ્ટ પ્રોડક્ટ ડિઝાઇનના કારણે તે લીક-રેઝિસ્ટન્સની વધુ સારી ક્ષમતા, સ્વચ્છતા અને લાંબા સમય સુધી ટકી રહેવા જેવી વિશેષતાઓનો લાભ પૂરો પાડે છે.

## અનોખી ડીઝાઇન | આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ | 30 દેશો

## આંતરરાષ્ટ્રીય સૉર્સિંગ

એચજીએચ ઇન્ડિયા 2026 સમગ્ર વિશ્વમાંથી કેટલાક પસંદગીના આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોને એક જ મંચ પર લાવશે, જ્યાં રીટેલર્સ, આયાતકારો, વિતરકો, આર્કિટેક્ટ્સ, ઇન્ટીરિયર ડીઝાઇનર્સ અને સંસ્થાગત ખરીદદારો નવી તકોને શોધી શકશે તેમજ લાંબા ગાળાની વ્યાપારી ભાગીદારીના મજબૂત સંબંધો સ્થાપી શકશે. એચજીએચ ઇન્ડિયા ન્યૂઝની આ આવૃત્તિમાં અમે હાઉસવેર કેટેગરી સાથે સંકળાયેલા આંતરરાષ્ટ્રીય સ્રોતો અને બ્રાન્ડ્સને રજૂ કરી રહ્યાં છીએ. તમામ આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો હાઉસવેર માટે અલગ ફાળવવામાં આવેલા હોલ 4માં હાજર રહેશે. હૉમ ડેકોર અને ફર્નિચર કેટેગરીના આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોનો પરિચય એચજીએચ ઇન્ડિયા ન્યૂઝ 4માં આપવામાં આવશે.

## ઇટાલી

### એફઆઇએમએમ ઇટાલિયા

મેટલ બ્રૂમ હેન્ડલ્સ અને ઘરેલું વિવિધ ઉદ્યોગ ક્ષેત્રો માટે જાણીતી એફઆઇએમએમ ઇટાલિયા ભારતમાં મેન્યુફેક્ચરિંગ પાર્ટનરો બનાવવા માટેની તકો શોધશે.



## ફ્રાંસ

### લેકો

ઘરની સફાઇ અને પોલિશિંગ માટેના ઉત્પાદનોના ક્ષેત્રમાં ફ્રાંસની અગ્રણી બ્રાન્ડ લેકો એચજીએચ ઇન્ડિયાના હોલ 4માં પહેલી વાર તેના ઉત્પાદનોને પ્રત્યક્ષ રીતે પ્રદર્શિત કરશે. તે વ્યાવસાયિક સ્તરની કામગીરી માટે વિકસાવવામાં આવેલા સસ્ટેનેબલ, ECOCERT-



પ્રમાણિત અને બિન-ઝેરી ક્લીનિંગ સોલ્યુશન્સને રજૂ કરશે. લેકો ભારતમાં આયાત, વિતરણ અને વેપાર કરવા લાંબા ગાળાની ભાગીદારીના સંબંધો સ્થાપવા માટેની તકો પણ શોધશે.

## સિંગાપોર

### ઝીમોમેન્ટ્સ

સિંગાપોર સ્થિત સસ્ટેનેબિલિટી અને ટેબલવેરની શાશ્વત ડીઝાઇન પર ફૉકસ કરતી આધુનિક ડિનરવેર બ્રાન્ડ ઝીમોમેન્ટ્સ ટકાઉપણા, સુંદરતા અને લાંબા સમય સુધી રોજિંદા ઉપયોગમાં લઈ શકાય તેવી વિશેષતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા તેના લેટેસ્ટ કલેક્શનને રજૂ કરશે.



## ચીન

### હુઆંગયાન ઇમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટ કૉર્પોરેશન

ઝેજિયાંગની હુઆંગયાન ઇમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટ કૉર્પોરેશન વિશ્વભરના વેપારના ક્ષેત્રમાં દાયકાઓના અનુભવના આધારે તૈયાર કરવામાં આવેલી હાઉસવેર અને કિચનવેરની તેની વૈવિધ્યસભર રેન્જને રજૂ કરશે. વર્ષ 1988માં સ્થપાયેલી આ કંપની લંચ બૉક્સ, ચોપિંગ બૉર્ડ, વૉટર બૉટલ, હાઉસવેર, ગિફ્ટ્સ અને બીજી ઘણી પ્રોડક્ટ્સનો સમાવેશ કરતો તેનો વ્યાપક પોર્ટફોલિયો રજૂ કરશે. સમગ્ર વિશ્વમાં મજબૂત હાજરી ધરાવતી આ કંપનીની પ્રોડક્ટ્સનું વિતરણ વિશ્વના અનેક માર્કેટમાં કરવામાં આવે છે. આ ઉપરાંત, કંપની નવી તકો શોધવાની સાથે-સાથે સારી સંભાવનાઓ ધરાવતા માર્કેટ્સમાં પોતાની હાજરીને વિસ્તારવા માટે પણ સતત પ્રયત્નશીલ છે.

### કૅંગનાન કાઉન્ટી શિંગતાઇ ક્લીનિંગ સપ્લાયઝ કું. લિ.

મેન્યુફેક્ચરિંગમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવતી કૅંગનાન કાઉન્ટી શિંગતાઇ ક્લીનિંગ સપ્લાયઝ કું. લિ. એચજીએચ ઇન્ડિયામાં તેના ક્લીનિંગ સોલ્યુશન્સનો વ્યાપક પોર્ટફોલિયો રજૂ કરશે. આ કંપની ટ્વિસ્ટ મોપ્સ, વૉટર મોપ્સ, ફ્લેટ મોપ્સ તેમજ ડસ્ટર્સ અને ફ્લોર વાઇપર્સ સહિતના વિવિધ પ્રકારના મોપ (પોતું)ના ઉત્પાદનમાં કુશળતા ધરાવે છે, જેને સફાઇ સંબંધિત વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વના અનેક દેશોમાં તેના ઉત્પાદનોની નિકાસ કરવામાં આવે છે, જેમાં યુરોપ, એશિયા, મીડલ-ઇસ્ટ અને યુએસએ જેવા મહત્વના માર્કેટ્સનો સમાવેશ થાય છે. મોટા



પાયે ઉત્પાદન કરવાની ક્ષમતા અને ગુણવત્તા નિયંત્રણની આકરી પ્રક્રિયાઓ માટે જાણીતી આ કંપની તેની કટિબદ્ધતાઓના બળે વિશ્વસનીય અને ઊંચી ગુણવત્તાના ઉત્પાદનો પૂરાં પાડવા પર ધ્યાન આપે છે.

### વુચી શુઆંગલી કપ કું. લિ.

સંપૂર્ણપણે ઇન્ટીગ્રેટેડ એન્ટરપ્રાઇઝ તરીકે કાર્યરત વુચી શુઆંગલી કપ કું. લિ. સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી), ઉત્પાદન તથા વેચાણની તમામ પ્રક્રિયાઓનું સંચાલન ઇન-હાઉસ કરે છે. 70થી વધુ દેશોમાં પોતાની હાજરી ધરાવતી આ કંપની ગુણવત્તાના પ્રમાણિત ધોરણો અને સતત ઉત્પાદનનો વિકસાવીને વૈશ્વિક માર્કેટમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. સસ્ટેનેબિલિટી અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ પર ફૉકસ કરતી આ કંપની 5G ની ક્ષમતા ધરાવતી ઇન્ટેલિજન્ટ ફેક્ટરીનું નિર્માણ કરવાની દિશામાં પણ સતત આગળ વધી રહી છે.



### હેનાન હુઆબાંગ ઇમ્પ્લિમેન્ટ એન્ડ કૂકર કું. લિ.

મેન્યુફેક્ચરિંગમાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવતી હેનાન હુઆબાંગ ઇમ્પ્લિમેન્ટ એન્ડ કૂકર કું. લિ. પ્રેસ્ડ કાસ્ટ આયર્ન કૂકવેરના ઉત્પાદનમાં તેની કુશળતાને રજૂ કરશે. કંપની સંપૂર્ણપણે ઇન્ટીગ્રેટેડ ઇન-હાઉસ ક્ષમતાઓ ધરાવતી વિશાળ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું સંચાલન કરે છે, જેમાં મોલ્ડ ડેવલપમેન્ટ, કાસ્ટિંગ, પોલિશિંગ, એનામેલિંગ, નોન-સ્ટિક કોટિંગ તેમજ અદ્યતન સરફેસ ટ્રીટમેન્ટ્સ જેવી પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવે છે. ગુણવત્તા પર વિશેષ ભાર મૂકતી તેમજ આઇએસઓ 9001 અને બીએસસીઆઇ જેવા આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરતી હુઆબાંગ યુરોપ અને યુએસએ સહિતના વૈશ્વિક માર્કેટ્સમાં ટકાઉ અને ખૂબ સારું પર્ફોર્મન્સ ધરાવતા કૂકવેર પૂરાં પાડે છે. મજબૂત ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તા નિયંત્રણની સાતત્યપૂર્ણ પ્રક્રિયાઓ માટે જાણીતી આ કંપની પોતાની આંતરરાષ્ટ્રીય હાજરીને વધુને વધુ વિસ્તારી રહી છે. આ ઉપરાંત, તે સમગ્ર વિશ્વના ગ્રાહકો અને વ્યાપારી ભાગીદારો સાથે લાંબા ગાળાના સંબંધો સ્થાપવા માટે પણ સતત પ્રયત્નશીલ છે.

### ઝેજિયાંગ હાઓનાન ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડ કું. લિ.

ઝેજિયાંગ હાઓનાન ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડ કું. લિ. એચજીએચ ઇન્ડિયામાં ઘર માટેના મોડ્યુલર સ્ટોરેજ સોલ્યુશન્સની તેની રેન્જને રજૂ કરશે, જેમાં ડીઆઇવાય વૉર્ડરોબ્સ, શૂ કેબિનેટ્સ, બૂકકેસ, સ્ટોરેજ રેક, બેડસાઇડ કેબિનેટ્સ અને કિચન શેલ્ફનો સમાવેશ થાય છે. ઇન-હાઉસ આર એન્ડ ડીની ક્ષમતાના આધારે વિકસાવવામાં આવેલો તેનો પોર્ટફોલિયો આરોગ્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા મટીરિયલ્સ અને સમકાલીન ડીઝાઇનને પ્રાથમિકતા આપે છે, જે રીટેઇલ અને હોસ્પિટાલિટી એમ બંને ક્ષેત્રોની જરૂરિયાતોને પૂરી કરે છે. સમગ્ર વિશ્વમાં મજબૂત સપ્લાય નેટવર્ક ધરાવતી હાઓનાન આધુનિક અને સુઆયોજિત રીટેઇલ માર્કેટની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી બહુમુખી અને પર્યાવરણને અનુકૂળ પ્રોડક્ટ્સની રેન્જ ખરીદદારોને ઉપલબ્ધ કરાવે છે.

### યોંગકાંગ શિનશિન મેટલ પ્રોડક્ટ્સ કું. લિ.

ચીનના હાર્ડવેર મેન્યુફેક્ચરિંગના કેન્દ્ર ગણાતા યોંગકાંગ શહેરમાં આવેલ શિનશિન ટૂલ્સ મેન્યુફેક્ચરિંગ કું. લિ. તેના પ્રિસિશન-કાસ્ટ સ્ટેઇનલેસ સ્ટીલ ઉત્પાદનો અને હાર્ડવેર ટૂલ્સની રેન્જને એચજીએચ ઇન્ડિયામાં રજૂ કરશે. સંપૂર્ણપણે ઇન્ટીગ્રેટેડ આર એન્ડ ડી, મેન્યુફેક્ચરિંગ અને વેચાણની કામગીરી કરતી આ કંપનીએ યુએસએ, જાપાન, કોરિયા અને યુરોપ સહિતના આંતરરાષ્ટ્રીય માર્કેટ્સમાં નિકાસના મામલે મજબૂત પકડ બનાવી છે. હાર્ડવેર અને ટૂલ્સના ખરીદદારો માટે શિનશિન સ્પેસિફિકેશન્સમાં સાતત્ય અને જથ્થાની વિશ્વસનીયતા ધરાવતા પ્રોડક્ટ્સની રેન્જ પૂરી પાડે છે. તેનો પોર્ટફોલિયો ક્રોસ-માર્કેટ્સ સપ્લાયના અનુભવ અને પ્રોક્યોરમેન્ટના આંતરરાષ્ટ્રીય ધોરણોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલો છે.

## ભાગ લઈ રહેલી અન્ય બ્રાન્ડ્સ

ઉપર દર્શાવવામાં આવેલી બ્રાન્ડ્સ અને પ્રદર્શકો ઉપરાંત, અન્ય ઘણી ભારતીય અને આંતરરાષ્ટ્રીય હાઉસવેર બ્રાન્ડ્સ પણ તેમના લેટેસ્ટ કલેક્શન્સનું પ્રદર્શન કરશે, જેમાં પર્લપેટ, યેરા, એફએનએસ, પેક્સપો, સિગ્નોરાવેર, વોલા જેવી અગ્રણી બ્રાન્ડ્સનો પણ સમાવેશ થાય છે.

**19મી એચજીએચ ઇન્ડિયા**
**30 જૂન – 03 જુલાઈ, 2026**
**બૉમ્બે એક્ઝિબિશન સેન્ટર, મુંબઈ**

**રજિસ્ટર કરવા માટે ક્યુઆર કૉડ સ્કેન કરો**

લેટેસ્ટ અપડેટ માટે
www.hghindia.com